શહેરમાં આકરી ઠંડી બાદ અચાનક જ દિવસે ઉનાળા જેવી ગરમીનો અહેસાસ

છેલ્લા ત્રણ દિવસમાં ગરમીનો પારો ૩ ડીગ્રી ઉંચકાયો : લઘુત્તમ તાપમાન પણ સિંગ્લ ડીઝીટીની નજીક : નગરજનો બેવડી ઋતુનો અનુભવ કરી રહ્યા છેઃ જો કે હજુ ઠંડી વધવાની સંભાવના

ગાંધીનગર તા ૨

ગાંધીનગરમાં છેલ્લા બે દિવસથી મોસમનો મિજાજ બદલાયો છે. ઠંડીનુ પ્રમાણ ઘટવાની સાથે દિવસનો તાપ આકરો બનતા નગરજનો ગરમીનો એહસાસ કરી રહ્યા છે. આજે પણ શહેરીજનો માટે દિવસનો તાપ આકરો રહ્યો હતો. લઘુત્તમ તાપમાન પણ ૧ ડીગ્રી ગગડયુ હતુ જયારે મહત્તામ તાપમાન પણ ૦. ૬ ડીગ્રીના વધારા સાથે ૩૨.૬ ડીગ્રી પહોંચી જતા શહેરીજનોએ દિવસ દરમિયના ઉનાળા જેવી આકરી ગરમી અનુભવી હતી. છેલ્લા ત્રણ દિવસમાં ગરમીનો પારો ૩ ડીગ્રી ઉંચકાયો છે. જો કે આજે ઠંડીના પ્રમાણમાં પણ અંશતઃ વધારો થયો હતો. લઘુત્તમ તાપમાન ૧૧.૬ ડીગ્રી રહ્યુ હતુ. સાંજ ઢળતા જ ઠંડીનો ચમકારો વર્તાયો હતો.

ગાંધીનગરમાં ગત જાન્યુઆરી મહીનામાં છેલ્લા એક દાયકાની રેકર્ડ બ્રેક ઠંડી નોંધાયા બાદ ઠંડીનો પારો સતત સિંગ્લ ડીઝીટમાં રહેતા નગરજનો આકમક ઠંડીમાં ઠુંઠવાયા હતા. જાન્યુઆરી મહીનામાં પણ બે વાર વાતાવરણ પલ્ટાના અંતે ઠંડીનો મિજાજ ઉગ્ર બન્યો હતો. જયારે આકરી ઠંડીએ સૌ કોઇને ઘરમાં રહેવા મજબુર કર્યા હતા. આ વર્ષે શિયાળો વધુ આકમક અને આકરો પુરવાર થયો છે. ત્યારે ફેબ્રુઆરી મહીનાની શરૂઆતમાં ઠંડીનુ જોર ઘટયુ છે. જો કે હવામાન તજજ્ઞોનાના મતે એકાદ દિવસમાં ઠંડીનુ જોર વધશે. જયારે ગઈકાલની સાપેક્ષમાં આજે અંશત : ઠંડી વધી હતી. લઘુત્તમ તાપમાન ૧૧.૬ ડીગ્રી રહ્યુ હતુ. બીજીતરફ મહત્તમ તાપમાન પણ ઉંચકાયુ હતુ. મહત્તમ તાપમાન ૩૨.૬ ડીગ્રી પહોંચી જતા સવાર બાદ વાતાવરણમાં રીતસર ઉનાળા જેવા આકરા તાપનો અહેસાસ નગરજનોએ કર્યો હતો. દિવસ દરમિયાન આકરી ગરમી અનુભવી હતી. ઠંડીની અસરથી બચવા માટે ગરમ કપડામાં સજ્જ રહેલા નાગરિકો પણ ગરમીની અસરથી અકળાયા હતા. છેલ્લા ત્રણ દિવસમાં ગરમીનો પારો ૩ ડીગ્રી ઉંચકાયો છે. જયારે આ સ્થિતિ વચ્ચે લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં પણ નોંધપાત્ર ફેરફાર જોવા મળી રહ્યો છે. દિવસ અને રાત્રિના તાપમાન વચ્ચે ત્રણ ગણો તફાવત રહ્યો હતો. જો કે સાંજ બાદ રાત્રિના સમયે ઠંડીનો ચમકારો અનુભવાયો હતો. નગરજનોએ બેવડી ઋતુના અહેસાસ વચ્ચે અચાનક જ બદલાતા વાતાવરણ વચ્ચે વિચિત્ર મોસમનો અહેસાસ કર્યો હતો. જો કે હવામાન તજજ્ઞોની દ્રષ્ટીએ આગામી દિવસોમાં હજુ ઠંડી વધવાની સંભાવના છે.

દેશના ઉત્તર પર્વતીય વિસ્તારમાં કરા સાથે તોફાની વરસાદ થવાની સંભાવના છે. જેના લીધે ગુજરાતમાં પણ વાતાવરણ પલ્ટાની અસર જોવા મળશે જયારે આગામી તા ૧૯ ફેબ્રુઆરી સુધી ઠંડીનુ જોર રહેશે ત્યારબાદ વાતાવરણમાં ગરમીનુ પ્રમાણ વધશે તેમ પણ મનાઇ રહ્યુ છે.

"આજ મૌસમ બડા બેઈમાન હૈ...." આ પંક્તિઓ ગણગણવાનું મન થઈ જાય તેવુ વાતાવરણ આજકાલ શહેરમાં સર્જાયુ છે. ઠંડીમાં રાહત મળતા શહેરનું વાતાવરણ માણવાલાયક બન્યુ છે. તેમાંય વહેલી સવારે સર્જાતુ ધુમ્મસ હીલસ્ટેશન જેવી ફીલીંગ્સ આપે છે. જાણે કોઈ હીલ સ્ટેશન પર આવી ગયા હોય તેવુ લાગે છે. ઠંડી ઓછી હોવાથી આવુ વાતાવરણ માણવુ ગમે છે. નગરજનો વહેલી સવારે લટાર મારવા નીકળે છે અને ધુમ્મસભર્યા વાતાવરણને મન ભરીને માણી રહ્યા છે.

જિલ્લામાં નવા ૧૫૨ કેસ ૨૦૧ને ડિસ્ચાર્જ અપાયુ

બોરીસણામાં ૧૪ મહિનાની દિકરી સહિત જિલ્લામાં ૭ નાના બાળકો સંક્રમિત : દહેગામ-૩૨, ગાંધીનગર ૪૮, કલોલ ૬૧ અને માણસામાં ૧૧ કેસ : વધુ એક દર્દીનું સારવાર દરમ્યાન મોત : ગ્રામ્યમાં મૃત્યુઆંક ૬ થયો

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના કેસો આજે ૧૫૨ નોંધાતા તંત્ર આખો દિવસ દોડતુ રહ્યુ હતુ. ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના કેસોની સંખ્યા ૩૨૫૦ પહોંચી છે. ગ્રામ્ય વિસ્તારમાં સતત કેસોની વધઘટને પગલે તંત્રની ચિંતા વધી જવા પામી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ એક દર્દીનું સારવાર દરમ્યા મોત થયુ છે. મકાખાડના આ દર્દીને સારવાર માટે વડનગર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ જ્યા તેનું સારવાર દરમ્યાન મોત થયુ છે. આ દર્દી પણ કો-મોર્બિડ હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

જિલ્લામાં આજ સુધી કોરોનાની ત્રીજી લ્હેરમાં ૬ વ્યક્તીઓના મોત થયા છે. જિલ્લામાં કોરોના હવે ઘાતક પુરવાર થતો હોવાનું જણાય છે.

જિલ્લામાં આજે નોંધાયેલા કેસોમાંથી બે દર્દીને સઘન સારવારની જરૂરિયાત જણાતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. બાકીના દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

ગાંધીનગર, દહેગામ અને કલોલમાં કોરોનાના આજે વધુ કેસો દેખાયા છે. માણસામાં સંક્રમણ સ્થિર થયાનું મનાઈ રહ્યુ છે. જો કે તંત્રએ સઘન સર્વેલન્સ અને ટેસ્ટીંગના પ્રમાણમાં વધારો કરવા તાકીદ કરી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં દહેગામમાં ૩૨, ગાંધીનગરમાં ૪૮, કલોલમાં ૬૧, માણસામાં ૧૧ કેસ નોંધાયા છે.

આજે નોંધાયેલા કેસોમાં ૬૧ મહિલા દર્દી છે. તો ૩૬ દર્દી ૬૦ કે તેથી વધુ વયના છે. ૧૮

● અનુસંધાન પાન-૭ પર

શહેરમાં કોરોનાના ૨૭૯ નવા કેસ

૫૪૩ દર્દીને ડિસ્ચાર્જ અપાયુ : ૧૦ કે તેથી ઓછી વયના ૧૦ બાળકો સંક્રમિત થયા : ૪૫ દર્દી ૬૦ થી વધુ વયના : ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તાર કુડાસણમાં ૨૨, રાંદેસણમાં ૧૬, પેથાપુરમાં ૧૬, ઝુંડાલમાં ૧૨, રાયસણમાં ૧૦, પાલજમાં ૧૧, આઈઆઈટીમાં ૮ કેસ નોંધાયા : શહેરમાં સે. ૭, ૫ માં ૧૩-૧૩ કેસ, સે. ૨૬, ૨૯, ૩૦ માં ૧૨-૧૨ કેસ, સે. ૨૦ માં ૧૦ કેસ, સે. ૩ માં ૧૧ કેસ, સે. ૧૨-૧૯ માં ૯-૯ કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે વધુ ૨૭૯ કેસ નોંધાયા છે. શહેરમાં કોરોનાના જે રીતે કેસો મળી રહ્યા છે તેને લઈ તંત્ર ચિંતાતુર બન્યુ છે. શહેરમાં આજે નોંધાયેલા કેસોની સાથે કુલ સંખ્યા ૮૪૦૦ પર પહોંચી છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં પાંચ દર્દીને હોસ્પિટલમાં સઘન સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે. ધીમી ગતિએ શહેરમાં હોસ્પિટલાઈઝેશન શરૂ થયુ છે.

શહેરમાં કેસોની સંખ્યામાં થઈ રહેલી વધઘટ તેમજ મહિલા અને બાળ દર્દીઓની સંખ્યા જે રીતે વધી રહી છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. વયસ્કો પણ વધુ સંક્રમિત થઈ રહ્યા છે.

તંત્રએ કોરોના સામે સતર્ક રહેવા માટે જન જાગૃતિ અભિયાન છેડી દીધુ છે તેમજ સોશ્યલ ડિસ્ટન્સીંગ ન જળવાતુ હોય ત્યાં કડક પગલાં લેવા માટે પણ તાકીદ કરી છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૧૨૦ મહિલા દર્દી નોંધાયા છે. આજે નોંધાયેલા કેસોમાં ૪૫ દર્દી ૬૦ થી વધુ વય ધરાવે છે જ્યારે ૩૦ દર્દી ૧૧ થી ૨૦ વર્ષની વયજૂથના છે.

શહેરમાં આજે ૧૨ બાળદર્દી નોંધાયા છે. જેમની વય ૧૦ કે તેથી ઓછી છે. રાંદેસણમાં ૧૦ વર્ષનો દિકરો, સરગાસણમાં ૧ વર્ષની દિકરી, સે. ૨૦ માં બે વર્ષનો દિકરો, કુડાસણમાં ૧ વર્ષનો દિકરો, સે. ૧૭ માં સાડાત્રણ વર્ષનો દિકરો, સે. ૩ માં ૮ વર્ષનો દિકરો, સે. ૨ માં ૮ વર્ષની દિકરી, સે. ૨૯ માં ૨ વર્ષની દિકરી, સે. ૫ માં ૮ વર્ષનો દિકરો, રાંધેજામાં ૬ વર્ષની દિકરી, રાંધેજામાં ૪ વર્ષનો દિકરો, સે. ૨૬ માં ૧૦ વર્ષનો દિકરો સંક્રમિતોની યાદીમાં છે.

શહેરમાં મોટા ભાગના દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો હોવાથી તંત્રએ હોમ આઈસોલેશન તેમજ ક્વોરોન્ટાઈનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા માટે તાકીદ કરી છે.

શહેરમાં ટેસ્ટીંગના પ્રમાણમાં પણ વધારો કરવામાં આવ્યો છે. આજે નોંધાયેલા કેસોમાં મોટી ઉંમરના દર્દીઓની સંખ્યા વધુ છે. જો કે તંત્રએ પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ હોવાનું જણાવ્યુ છે.

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તાર કુડાસણમાં ૨૨, રાંદેસણમાં ૧૬, પેથાપુરમાં ૧૬, ઝુંડાલમાં ૧૨, રાયસણમાં ૧૦, આઈઆઈટીમાં ૮ કેસ નોંધાયા છે.

આ ઉપરાંત સરગાસણમાં ૬, કોબામાં ૨, વાવોલ, કોલવડા, બાસણ, જીઈબી, ભાટ, ભાઈજીપુરામાં ૧-૧ કેસ તેમજ પાલજમાં ૧૧ કેસ નોંધાયા છે.

શહેરમાં સે. ૭, ૫ માં ૧૩-૧૩ કેસ, સે. ૨૬, ૨૯, ૩૦ માં ૧૨-૧૨ કેસ, સે. ૨૦ માં ૧૦ કેસ, સે. ૩ માં ૧૧ કેસ, સે. ૧૨-૧૯ માં ૯-૯ કેસ નોંધાયા છે.

સે. ૧૪માં ૭, સે. ૨૧માં ૫, સે. ૨૩ માં ૬, સે. ૧૪ માં ૭, સે. ૨ માં ૬ કેસ નોંધાયા છે.

શહેરમાં આજે ૫૪૩ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં રિકવરી રેટ ૭૫ ટકાએ પહોંચ્યો હોવાનો દાવો તંત્રના સૂત્રોએ કર્યો છે.

શહેરમાં આજે ૨ હજારથી વધુ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. શહેરમાં ૧૦ હજારથી વધુ લોકોને ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

તંત્રએ ધન્વન્તરી રથના ભ્રમણમાં પણ વધારો કર્યો છે. શહેરમાં સરગાસણ, કુડાસણ,

● અનુસંધાન પાન-૭ પર

રાંધેજામાં સોસાયટીમાં બંધ માર્ગ ખોલવા માટે ગુડાએ તોતિંગ દરવાજા અને વોલ પર બુલડોઝર ફેરવ્યુ

છેલ્લા બે વર્ષથી થતી ફરિયાદોનો અંત આવ્યો : સુરક્ષાના કારણોસર દરવાજો ઉભો કરી ૧૨ મીટરનો માર્ગ બંધ કરી દેવાતા સ્થાનિકોમાં આક્રોશ પ્રવર્તયો હતો

ગાંધીનગર તા ૨

રાંધેજામાં સોસાયટી દ્વારા માર્ગ વચાળે લોખંડી દરવાજો મુકીને અન્ય રહીશોની અવરજવર બંધ કરી દેવાતા છેલ્લા બે વર્ષથી સ્થાનિકોમાં આ મામલે આક્રોશ પ્રવર્તયો હતો. આ મામલે અવારનવાર ફરિયાદો પણ ઉઠવા પામી હતી. સુરક્ષાનુ કારણ આગળ ધરીને બંધ કરાયેલો આ માર્ગ આજે ગુડાના તંત્રએ ખોલી દીધો હતો. આજે ગુડાના અધિકારીઓ બુલડોઝર સાથે સ્થળ પર પહોંચી માર્ગ વચાળે આડશ બનેલા તોતિંગ દરવાજાને તોડી નાંખ્યો હતો. જેના લીધે સોસાયટીનો ૧૨ મીટરની પહોળાઈ ધરાવતો માર્ગ પણ ખુલ્લો થઈ ગયો હતો. જયારે આ ગેટ સાથે કમ્પાઉન્ડ વોલ પણ તોડી પાડવામાં આવી હતી.

ગુડાના સુત્રોમાંથી મળતી માહીતી અનુસાર રાંધેજામાં સિધ્ધેશ્વરી હોમ્સ સોસાયટી દ્વારા લોખંડનો તોતિંગ દરવાજો ઉભો કરીને માર્ગને જ બંધ કરી દેવાયો હતો. અગાઉ સુરક્ષાના કારણોસર ૧૨ મીટરના માર્ગને બ્લોક કરી દેવાતા છેલ્લા કેટલાક સમયથી સોસાયટીમાં રહીશો અને વસવાટ વધતા રહીશોએ આ સ્થિતિ વચ્ચે ફરીને જવુ પડતુ હતુ. જેના લીધે છેલ્લા બે વર્ષથી સ્થાનિકોમાં આક્રોશ વધ્યો હતો જયારે આ મામલે અનેકવાર તંત્ર સમક્ષ પણ ફરિયાદો કરવામાં આવી હતી. પરંતુ ફરિયાદોનો નિકાલ આવતો ન હતો. જયારે આ ફરિયાદોના આધારે આજે ગુડાના તંત્રએ સ્થળ પર પહોંચી માર્ગ વચાળે ઉભા કરાયેલા આ તોતિંગ ગેટને તોડવા બુલડોઝર ફેરવી દીધુ હતુ. ગુડાના અધિકારીઓએ સ્થાનિક આગેવાનોને સાથે રાખી આ મામલે સમજાવટથી કામગીરી પુર્ણ કરી હતી. દરવાજાની સાથે નડતરરૂપ થાંભલા અને કમ્પાઉન્ડ વોલ પણ તોડી નાંખવામાં આવી હતી.આ તબક્કે આ માર્ગને ફરીથી બંધ ન કરવા માટે પણ ગુડાના અધિકારીઓએ તાકીદ કરી હતી.

વાઈબ્રન્ટમાં હાથ ધરાયેલુ શહેરના મુખ્યમાર્ગોનુ રીસરફેસીંગ એક મહિના બાદ હાથ ધરાશે

વાઇબ્રન્ટ મોકુફ રહેતા સરકારી પ્લાન્ટમાંથી હાથ ધરાનારી માર્ગ સુધારણાની કામગીરી ઠપ્પ થઇ ગઇ છે : મશીનરી અન્ય જગ્યાએ કામે લગાડાતા હજુ એક મહીના બાદ નગરના મુખ્ય માર્ગોનુ કામ હાથ ધરાશે

ગાંધીનગર તા ૨

ગત જાન્યુઆરી મહીનામાં વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી શહેરમાં તડામાર તૈયારીઓ ચાલી રહી હતી. પરંતુ કોરોનાના વધતા સંક્રમણ વચ્ચે વાઈબ્રન્ટ સમિટ મોકુફ રાખવાનો નિર્ણય લેવાતા શહેરમાં હાથ ધરાયેલી માર્ગ સુધારણા અને સુશોભનની કામગીરી પણ ઠપ્પ થઈ ગઈ છે. આ દરમિયાન નગરના મુખ્ય ઘ , ચ અને ખ માર્ગની સુધારણાનુ કામ પણ હાથ ધરવાનુ આયોજન કરાયુ હતુ. પરંતુ સરકારી પ્લાન્ટમાંથી આ કામગીરી કરવાની થતી હોવાથી હાલ મશીનરી અન્ય કામગીરીમાં હોવાથી હજુ સુધી માર્ગોના રીસરફેસીંગનુ કામ હાથ ધરવામાં આવ્યુ નથી. જયારે આગામી માર્ચ મહીનામાં શહેરમાં માર્ગોના બાકી કામો પુરા કરવા માટે કામગીરી હાથ ધરવામાં આવશે તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે.

ગાંધીનગરમાં ગત જાન્યુઆરી મહીનામાં વાઈબ્રન્ટ સમિટની તૈયારીને અનુલક્ષીને માર્ગ સુધારણા તેમજ સુશોભનના વિવિધ કામો હાથ ધરવામાં આવ્યા હતા જયારે કોરોનાના વધતા સંક્રમણની અસરથી વાઈબ્રન્ટ સમિટનુ આયોજન પડતુ મુકાતા આ કામો પણ ઠપ્પ થઈ ગયા છે. છેલ્લા એક મહીનાથી નગરના માર્ગો પર આ કામગીરી બંધ છે. શહેરમાં વિવિધ માર્ગોના રીસરફેસીંગના કામો ઉપરાંત માર્ગો પર થર્મોપ્લાસ્ટના પટ્ટા અને કેટ આઈ લગાવાની સાથે ફુટપાથના કર્બિંગને કલર અને રીપેરીંગની કામગીરી પુરજોશમાં હાથ ધરવામાં આવી હતી. જો કે આ પૈકી માર્ગ સુધારણા અને ફુટપાથ રીપેરીંગનુ કામ હજુ સંપુર્ણ બાકી છે. શહેરના મુખ્ય ચ , ઘ અને ખ માર્ગના રીસરફેસીંગને અનુલક્ષી આયોજન કરી દેવાયુ હતુ . જયારે આ કામ ઝડપથી પુર્ણ કરવા મટે પણ તંત્રએ તૈયારીઓ શરૂ કરી દીધી હતી. ચ માર્ગ સહીતના રૂટમાં માર્ગોને ચકાચક બનાવવા માટે કામગીરી પણ શરૂ કરી દેવામાં આવી હતી. પરંતુ વાઈબ્રન્ટનુ આયોજન મોકુફ રાખવાની જાહેરાત થતા માર્ગોના કામ ટલ્લે ચઢયા છે. માર્ગ રીસરફેસીંગની આ કામગીરી સરકારી પ્લાન્ટના આધારે કરવાનો નિર્ણય લેવાયો છે. જયારે આ દરમિયાન મશીનરી પણ અન્ય ઠેકાણે કામે લગાડી દેવાતા હાલ તંત્ર પાસે માર્ગોના કામ માટે મશીનરીનો અભાવ છે. જેના લીધે નગરના મુખ્યમાર્ગોનુ રીસરફેસીંગ પણ અટવાયુ છે. જો કે આ મામલે સુત્રોએ માહીતી આપતા જણાંવ્યુ હતુ કે આગામી માર્ચ મહીનાના પ્રારંભે શહેરમાં માર્ગ

● અનુસંધાન પાન-૭ પર

નવમી પુણ્યતિથિએ
ભાવભીની અંજલિ

સ્વ. જયાબા કેસરીસિંહ વાઘેલા
સ્વર્ગવાસ તા. ૩-૨-૨૦૧૩

આપનું જીવન, પરિવાર, સગા-સંબંધી અને સમાજ માટે સમર્પિત રહ્યું. આપ વિના અમો ઉણપ અનુભવીએ છીએ. આપના આદર્શો, મહેનત, સંઘર્ષ, મનોબળ, સફળતા, સમભાવ અને પ્રેમાળ સ્વભાવ અમારા જીવનનો સુપથ નક્કી કરશે જ.

અમે ગમગીન હૃદયે અને અવિરત અશ્રુભીની આંખે ઈશ્વરને પ્રાર્થના કરીએ છીએ કે, આપને સદ્‌ગતિ અર્પે.

કેસરીસિંહ ગોબરસિંહ વાઘેલા (લેકાવાડા)
અમરીષસિંહજી કે. વાઘેલા ધવલસિંહજી કે. વાઘેલા
પ્રવિણસિંહજી બી. વાઘેલા પૃથ્વીરાજસિંહજી કે. વાઘેલા

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com